પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૩૨ | ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૯, બુધવાર; મહા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## કોર્ટના અવમાન મામલે નાગેશ્વર રાવને દિવસભર કોર્ટમાં બેસાડી રખાયા : એક લાખનો દંડ

**સીબીઆઈના પૂર્વ વચગાળાના વડા રાવને કોર્ટના તિરસ્કારના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા નાગેશ્વર રાવના વર્તનને લઇને સુપ્રીમે નારાજગી વ્યક્ત કરી : મોડી સાંજે બહાર જવા દેવાયા**



નવીદિલ્હી, તા. ૧૨

મુઝફ્ફરપુર શેલ્ટર હોમ સાથે સંબંધિત સુપ્રીમ કોર્ટના તિરસ્કારના મામલામાં સીબીઆઈના પૂર્વ વચગાળાના નિર્દેશક નાગેશ્વર રાવની બિનશરતી માફીને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી અને તેમને સજા કરી હતી. પૂર્વ વચગાળાના સીબીઆઈ નિર્દેશક નાગેશ્વર રાવને સુપ્રીમ કોર્ટે કોર્ટ રુમથી બહાર જવાની મંજુરી આપી દીધી હતી. દિવસભર કોર્ટમાં બેસાડવામાં આવ્યા બાદ સાંજે મંજરી આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરીને રાવ પર એક લાખ રૂપિયાનો દંડ લાગૂ કર્યો હતો. સાથે સાથે આદેશ કર્યો હતો કે, જ્યાં સુધી કોર્ટની કાર્યવાહી ચાલશે ત્યાં સુધી તેમને પાછળ બેઠા રહેવું પડશે. સપ્રીમ કોર્ટે અગાઉ કહ્યું હતું કે, મઝફ્ફરપુર શેલ્ટર હોમ મામલાની સીબીઆઈ તપાસમાં સુપ્રીમ કોર્ટની મંજુરી વગર કોઈપણ તપાસ ટીમમાં સામેલ કોઈપણ અધિકારીની બદલી કરી શકાશે નહીં. ત્યારબાદ નાગેશ્વર રાવે તપાસ ટીમના ચીફ સીબીઆઈ અધિકારી એકે શર્માની ૧૭મી જાન્યુઆરીના દિવસે સીબીઆઈથી સીઆરપીએફમાં બદલી કરી હતી. ત્યારબાદ સીબીઆઈના પૂર્વ વચગાળાના નિર્દેશક નાગેશ્વર રાવે બિનશરતી સુપ્રીમ કોર્ટ પાસેથી માફી માંગી હતી. સોમવારના દિવસે સુપ્રીમ કોર્ટમાં બિનશરતી માફી પણ રજૂ કરવામાં આવી હતી. આજે સુનાવણીના સમયે એટર્ની જનરલ કેકે વેણુગોપાલે કહ્યું હતું કે, રાવ પોતાની ભુલ સ્વીકાર કરી રહ્યા છે પરંતુ તેઓએ આ જાણી જોઈને

● અનુસંધાન પાન-૭ પર

## રાફેલ ડિલ પર ઘમસાણ વચ્ચે કેગનો અહેવાલ સંસદમાં રજૂ

**રાફેલ મુદ્દે બંને ગૃહોમાં ભારે ધાંધલ ધમાલ : કોંગ્રેસ દ્વારા જેપીસીની ફરીથી માંગ : આજે વર્તમાન સત્ર પરિપૂર્ણ**

નવી દિલ્હી, તા. ૧૨

રાફેલ ડિલને લઈને રાજકીય ઘમસાણની સ્થિતિ વચ્ચે આજે કેગ દ્વારા રિપોર્ટ સંસદમાં રજૂ કરી દેવામાં આવ્યો હતો. બીજી બાજુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ રાફેલ મામલામાં પત્રકાર પરિષદ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર ફરીવાર પ્રહાર કર્યા હતા. કોંગ્રેસે આ મામલામાં જેપીસી પાસેથી તપાસ કરાવવાની ફરી વાર માંગ કરી હતી. આજે સંસદની કાર્યવાહી દરમિયાન ભારે ધાંધલ ધમાલ થઈ હતી. રાફેલના મુદ્દા ઉપર હોબાળો જારી રહ્યો હતો. લોકસભામાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખગડેએ જેપીસી તપાસની માંગ ફરીવાર દોહરાવી હતી. આના ઉપર કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ આ મામલામાં કોઈપણ બાબત રહેતી નથી. જેપીસી તપાસને લઈને કોઈ અર્થ નથી. સંસદના બંને ગૃહોમાં આજે કેગનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. સંસદનું સત્ર આવતીકાલે પૂર્ણ થઈ રહ્યું છે. વર્તમાન લોકસભાની અવધિમાં આ અંતિમ સત્ર છે. એપ્રિલ અને મે મહિનામાં સામાન્ય ચૂંટણી યોજનાર છે. રાફેલડિલને લઈને આક્ષેપબાજીનો દોર જારી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર




## દિલ્હીની હોટેલમાં ભીષણ આગ

**વહેલી પરોઢે ભીષણ આગ લાગ્યા બાદ અફડાતફડી મચી : આગથી બચવા ઘણા લોકો ઉપરથી કુદી ગયા : બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ છતાં ખુવારી થઇ : મૃતકોમાં મોટાભાગના ટ્યુરિસ્ટ**

નવી દિલ્હી,તા. ૧૨

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીના કરોલબાગ નજીક સ્થિત હોટેલ અર્પિત પેલેસમાં આજે વહેલી પરોઢે ભીષણ આગ ફાટી નિકળી હતી. જેના કારણે ઓછામાં ઓછા ૧૮ લોકો બળીને ભડથુ થઈ ગયા હતા. આ ભીષણ આગમાં અનેક લોકો દાજી ગયા હતા. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આગ હોટેલના ઉપરના હિસ્સામાં લાગી ગયા બાદ તે ઝડપથી અન્યત્ર ફેલાઈ ગઈ હતી. હોટેલમાં રોકાયેલા લોકોએ જાન બચાવવા માટે તમામ પ્રયાસો કર્યા હતા. કેટલાક લોકો તો ઉપરથી કુદી ગયા હતા. બચાવ અને રાહત કામગીરી આગની ઘટના અંગે માહિતી મળ્યા બાદ તરત જ હાથ ધરવામાં આવી હતી. દાજી ગયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.બચાવ અને રાહત કામગીરીમાં ફાયર બ્રિગેડન ટુકડીઓ તરત જ જોડાઈ ગઈ હતી. અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મિડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતું કે આગ પર કાબુ મેળવ લેવા આસપાસના તમામ વિસ્તારોમાંથી ફાયર

● અનુસંધાન પાન-૭ પર



## અખિલેશને એરપોર્ટ પર અટકાવાતા ભારે વિવાદ

**સમાજવાદી પાર્ટીના કાર્યકરોના હિંસક દેખાવો : સમાજવાદી પાર્ટી, બસપના યોગી સરકાર ઉપર આક્ષેપો**

લખનૌ, તા. ૧૨

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવને અલ્હાબાદ યુનિવર્સિટી જતા પહેલા લખનૌ વિમાની મથકે રોકી લેવામાં આવ્યા બાદ રાજકીય ઘમસાણની સ્થિતિ જોવા મળી રહ છે. અખિલેશ વિમાનથી પ્રયાગરાજ જવા માટે અમોસી એરપોર્ટ પર પહોંચ્યા હતા પરંતુ વહીવટીતંત્રએ તેમને આગળ વધવાની મંજુરી આપી ન હતી. ત્યારબાદ આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર શરૂ થઈ ગયો છે. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના લોકોએ આની સામે આક્ષેપો કર્યા છે. અખિલેશ યાદવને રોકવામાં આવતા પાર્ટીના લોકોએ જોરદાર દેખાવો કર્યા હતા. અખિલેશને રોકવામાં આવતા પોલીસ, વહીવટીતંત્ર અને તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. અખિલેશ યાદવે મોડેથી ટ્વિટ કરીને નારાજગી વ્યક્ત કરી હતી. અખિલેશના ટ્વિટ બાદ લખનૌ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે
LED TV રીપેરીંગ માટે
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડીયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

### બેસણું - પ્રાર્થનાસભા



**શ્રી રજની કાન્તિલાલ સંઘવી**

(જાણીતા સ્ટોક-શેર ઈન્વેસ્ટર)

તા.૧૧-૦૨-૨૦૧૯ને સોમવારના રોજ અરિહંત શરણ થયા છે.

સ્વર્ગસ્થનું બેસણું - પ્રાર્થનાસભા

**તા.૧૪-૦૨-૨૦૧૯**ને **ગુરુવાર**ના રોજ **સવારે ૯.૩૦ થી ૧૧.૩૦** દરમિયાન

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર**ની બાજુમાં,

**૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨**,

ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

**લિ.**

**સ્વ. કાન્તિલાલ અમૃતલાલ સંઘવી પરિવાર**

**વર્ષા રજની સંઘવી**

**ડૉ. પરાગસિંહ કે. ગોહિલ** — **ડૉ. રચના પરાગસિંહ ગોહિલ**

**સુમુખ સલિલમ** — **બીજલ સંઘવી**

**ઉદય અશ્વિનભાઈ બારોટ** — **એશા ઉદયકુમાર બારોટ**

પિયર પક્ષનું બેસણું પણ ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

**- સ્વ.પોપટલાલ ભાઈચંદભાઈ શાહ પરિવાર (ઈડર)**

PARAM

